મહત્તમ : ૩૪.૬ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૪૯ ટકા
ગાંધીનગર તાપમાન

રાયસણમાં બોગસ કોલ સેન્ટર પકડાયું

ધોરણ-૭ સુધી ભણેલો શખ્સ મુખ્ય સુત્રધાર : લોન મંજૂર થઈ ગયાનું કહીને વિદેશી નાગરિકોને ચૂનો લગાવતા હતા : મુખ્ય સુત્રધારની ધરપકડ : છ ફરાર : છ મહિનાથી કોલ સેન્ટર ભાડે બંગલામાં ચાલતુ હતુ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર-કોબા હાઈવે ઉપર આવેલા રાયસણ ગામે નવી બની રહેલી બંગલોઝની સ્કીમમાં એક બંગલો ભાડે રાખીને ડેટા એન્ટ્રી ઓપરેટિંગના ઓથા હેઠળ બોગસ કોલ સેન્ટર ચલાવી રહેલા શખ્સને ગાંધીનગર એસઓજીની ટીમે દબોચી લીધો છે. માત્ર સાત ચોપડી ભણેલા આ મુખ્ય સૂત્રધારને અંગ્રેજીમાં ફોરેન ઢબથી બોલવાની માસ્ટરી છે. એસ.ઓ.જી ની ટીમે દરોડો પાડીને મુખ્ય સૂત્રધારની અઢી લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ફરાર થઈ ગયેલા છ શખ્સોને પકડવા કવાયત શરૂ કરી છે. પકડાયેલા મુખ્ય સૂત્રધારને કોર્ટમાં રજુ કરતાં કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. બેંક લોન મંજૂર થઈ ગયાનું કહીને વિદેશી નાગરિકોને ચૂનો લગાવતી આ ગેંગના મૂળ મુંબઈ અને ચીન સુધી પહોંચે તેવી શક્યતા છે.

ગાંધીનગર પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાની સૂચનાથી જિલ્લા એસ.ઓ.જી ઈન્ચાર્જ પીઆઈ જે.આર કરોતરા ની ટીમ ગેરકાયદેસર કોલસેન્ટરો પકડવા સક્રિય થઈ છે ત્યારે હેડ કોન્સ્ટેબલ હિતેન્દ્રસિંહ ને મળેલી બાતમીને આધારે પી.એસ.આઈ વી કે રાઠોડ અને બી એમ પટેલ ની ટીમ બાતમી વાળા સ્થળે પહોંચી ગઈ હતી અને રાયસણ ખાતે સન રોયલ બંગ્લોઝ નામે નવી બનતી સ્કીમમાં બંગલા નંબર-૬ માં દરોડો પાડ્યો હતો. ડેટા એન્ટ્રી ઓપરેટીંગ કામગીરી કરવા માટે બંગલો બિલ્ડર પાસે ભાડે મેળવીને બોગસ કોલ સેન્ટર ચલાવવામાં આવી રહ્યું હોવાનું બહાર આવ્યું હતું.

બંગલામા કેટલાક શખ્સો કોમ્પ્યુટર એપની મદદથી ઈન્ટરનેશનલ કોલ કરીને વિદેશી નાગરિકો સાથે ઠગાઈ કરી રૂપિયા પડાવતા હોવાની વિગતો બહાર આવી હતી. એસઓજીની ટીમે બાતમીના આધારે દરોડો પાડી સ્થળ પરથી સાત કોમ્પ્યુટર સેટ, પાંચ લેપટોપ, બે મેજિક જેક, બે કાળા કલરના થયેલા બે આઈ કાર્ડ અને એર ટિકિટ તેમજ અન્ય કાગળો મળી કુલ રૂ.૨.૬૦ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલી ફતેવાડી ખાતે રહેતા મુખ્ય સૂત્રધાર મહમદ ઈમરાન હસન શેખને એસઓજીની ટીમે ઉપરોક્ત મુદ્દામાલ સાથે પકડી પાડી સઘન પૂછપરછ કરતાં બહાર આવ્યુ છે કે તેની સાથે દિનેશ, તોહીદ તથા એડવીન જોસેફ (તમામ રહે.નાલાસોપારા, મુંબઈ) તથા પોરબંદર ખાતે રહેતા કરણ અને હિમાંશુ તેમજ વેરાવળ ખાતે રહેતા ભરત મળીને ૬ સાગરીતો આ બોગસ ઈન્ટરનેશનલ કોલ સેન્ટરમાં સહ આરોપી છે. એસ.ઓ.જી.ની ટીમે મુખ્ય સુત્રધારની ધરપકડ કરી ઈન્ફોસિટી પોલીસ મથકમાં ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે અને ફરાર થઈ ગયેલા છ શખ્સોને પકડવા કવાયત શરૂ કરી છે. પકડાયેલા મુખ્ય સૂત્રધારની પૂછપરછ કરતા ચોંકાવનારી વિગતો બહાર આવી છે. મુખ્ય સૂત્રધાર મહમદ ઈમરાન શેખ માત્ર ચાર ચોપડી ભણેલો છે અને ઈંગલિશ ભાષામાં કડકડાટ બોલી શકે છે. તેમાં આ શખ્સ સંબંધિત દેશના નાગરિકો સાથે તેની બોલી અને ઢબ પ્રમાણે વાત કરી શકે છે. મેજિક જેક યુનિટ સોફ્ટવેરની મદદથી ફોરેન લોકલ નંબર પરથી ફોન લાગે અને ફોરેનરને સરળતાથી ઉલ્લુ બનાવે છે. મુંબઈનો દિનેશ નામનો આરોપી ઈમરાનને ફોરેનની બેંક માં લોન માટે અપ્લાય કરનાર નાગરિકોનો ડેટા (લીડ) લાવી આપતો હતો. દિનેશ એ ઈમરાનનો આ ધંધામાં પાર્ટનર હતો. દિનેશ કોઈ પીટર નામના શખ્સ પાસેથી આ લીડ લેતો હતો. લીડનો ભાવ એક વ્યક્તિનો ડેટા ૧૬૦ રૂપિયાનો ચાલે છે. દિવસમાં અઢીસો જેટલા ફોરેન નાગરિકોની લીડ લઈને આ કોલ સેન્ટરમાંથી તે તમામને ફોન કરી તમને બેંક લોન અપ્રુવ થઈ ગઈ હોવાનું કહીને ટોકન ડોલર મોકલવા માટે નવરોધ કરવામાં આવતો હતો અને તે રીતે ચુનો લગાવવામાં આવતો હતો. એસ.ઓ.જી.ની ટીમે મુખ્ય સુત્રધારની ધરપકડ કરી ફરાર આ છ શખ્સોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે અને પકડાયેલા શખ્સને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે વધુ પૂછપરછ માટે ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. ચોંકાવનારી બાબત તો એ છે કે આ બોગસ કોલ સેન્ટર જ્યાં ચાલતું હતું તે રૂપિયા ૩૦ હજારની કિંમતના ભાડાથી આશિષ દિલીપભાઈ પટેલ નામની વ્યક્તિ પાસેથી લેવામાં આવ્યું હતું અને છેલ્લા છ મહિનાથી આ કોલ સેન્ટર ચાલતું હતું. આજુબાજુ તેનો અવાજ ન જાય તે માટે થર્મોકોલથી બંગલો સાઉન્ડ પ્રુફ બનાવી દેવામાં આવ્યો હતો.

જલારામ સેવા સમાજ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૯ ખાતે આવેલ સુપ્રસિદ્ધ જલારામ ધામ ખાતે આગામી તા. ૮ નવેમ્બરને ગુરુવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાક સુધી નૂતન વર્ષ નિમિતે સમાજના ભાઈ બહેનો માટે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કર્યું છે. જયારે તા.૧૪-૧૧-૧૮ના રોજ શ્રી જલારામ જયંતિની ભારે ધામધુમથી ભકતો દ્વારા ઉજવણી કરવામાં આવશે. આ પાવન દિવસે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે જેને પગલે મંદિર પરિસરનું વાતાવરણ પણ ભકિતમય બની જશે. કાર્યક્રમમાં અખંડ ધુન સવારે ૬.૩૦ થી સાંજે ૬.૪૫ કલાક સુધી યોજાશે, શોભાયાત્રા સવારે ૮ કલાક જલારામ ધામથી નીકળી શ્રી ભોજલરામ મંદિર સે-૭ ખાતે પહોંચશે. પૂ. બાપાની પૂજન વિધી સવારે ૮.૩૦ કલાકે યોજાશે. અન્નકુટ દર્શન સાંજે ૪ કલાક થી રાત્રે ૯ કલાક સુધી, મહાઆરતી સાંજે ૬.૪૫ કલાકે, વિરપુર જતા પદયાત્રીઓનું અભિવાદન સાંજે ૭ કલાકે તેમજ મહાપ્રસાદ સાંજે ૭.૧૫ કલાકે જલારામ ધામ ખાતે યોજાશે. આ ધાર્મિક પ્રસંગે સૌ ભકતોને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ સેવંતીલાલ ઠક્કરે અનુરોધ કર્યો છે.

ગાંધીનગર લીયો કલબે ગરીબ બાળકોને રીઝવ્યા

ગાંધીનગર, તા.૪

દિવાળી પર્વનો આનંદ સમાજનો દરેક વર્ગ લઈ શકે એવી ભાવના લીયો કલબ ગાંધીનગરે દર્શાવી છે. લીયો કલબના પ્રમુખ રીકીન આચાર્યની આગેવાની હેઠળ મહર્ષિ, આકાશ, રવિ, મૌલિક પ્રજાપતિ તેમજ લીયો લાયન સંકેત ગોરે ભેગા મળીને ઝુંપડપટ્ટીના અંદાજે ૧૨૫ બાળકોને નમકીન તેમજ ચોકલેટનું વિતરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં સેવાભાવી યુવાન દેવાંશ ત્રિવેદી તરફથી આર્થિક સહયોગ મળ્યો હતો.

બોરીજમાં ગેરકાયદે બાંધકામ કરી દેનાર બિલ્ડર અને તલાટી સામે ફરિયાદ

જમીન ફાળવણી શાખાની ખોટી સહીવાળા કાગળો તૈયાર કરી કોર્પોરેશનમાંથી બાંધકામ પરવાનગી મેળવી લીધી હતી : બંને સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના જાણીતા બિલ્ડર અને એક તલાટી કમ મંત્રી સામે સે-૭ પોલીસ મથકમાં મામલતદારે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જમીન ફાળવણી શાખાના મામલતદારની ખોટી સહી વાળા દસ્તાવેજો તૈયાર કરી મ્યુનિસીપલ કોર્પોરેશનની કચેરીમાં રજૂ કરીને બાંધકામ પરવાનગી મેળવી લઈ બિલ્ડર અને તલાટી કમ મંત્રી એ મળીને સરકારી જમીનમાંથી આર્થિક ફાયદો મેળવવા ખોટા દસ્તાવેજો બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરવાના ગુના હેઠળ બંને સામે મામલતદારની ફરિયાદના આધારે પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરીમાં ફરજ બજાવતા જમીન ફાળવણી અધિકારી સુનિલ આર રાવલે સેક્ટર-૭ પોલીસ મથકમાં ગાંધીનગરના જાણીતા બિલ્ડર અને એક તલાટી કમ મંત્રી સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ૨૬ ઓક્ટોબર ૨૦૧૬ થી ૧૩ એપ્રિલ ૨૦૧૭ સુધીના સમયગાળા દરમિયાન બિલ્ડર અને તલાટીએ મળીને બોરીજ ગામની સરકારી કિંમતી જમીન ઉપર બાંધકામ કરવાની બોગસ પરવાનગી મેળવી લીધી હોવાનું બહાર આવ્યું છે. બિલ્ડર અને તલાટીએ મળીને બોરીજ ગામની મિલકત નંબર ૯૯ અને ૨૦ ઉપર બાંધકામની મંજૂરી મેળવવા જમીન ફાળવણી મામલતદારની ખોટી સહી વાળા દસ્તાવેજો તૈયાર કરી મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં રજૂ કરીને બાંધકામ પરવાનગી મેળવી લીધી હતી. બાંધકામ પરવાનગી મેળવવા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજો બોગસ હોવાનું બહાર આવતા મામલતદારે આખરે પોલીસ મથકમાં બંને સામે ફરિયાદ આપતા પોલીસે બંને વિરુધ્ધ આઈ.પી.સી કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી સઘન તપાસ આરંભી છે.

મુસાફરો પાસેથી વધુ રૂપિયા પડાવતા ખાનગી વાહનચાલકો

વધુ રૂપીયા આપી જોખમી મુસાફરી કરતા મુસાફરો

ગાંધીનગર, તા.૪

દિવાળીના દિવસોમાં માર્ગો પર મુસાફરોની ભારે ચહલ પહલ જોવા મળે છે.બસ સ્ટેન્ડ પર કલાકો સુધી ઉભા રહેવા છતા કેટલાક મુસાફરોને બસ મળતી નથી, તો કેટલીક બસ હાઉસફુલ હોવાથી મુસાફરોને ઉભા રહેવાની પણ જગ્યા હોતી નથી. શહેરના માર્ગો પર મુસાફરોની હકડેઠઠ ભીડ જોવા મળે છે. ત્યારે દિવાળીના દિવસોમાં મુસાફરો ગામ ભણી જતા હોવાથી ખાનગી ટ્રાવેલ્સના સંચાલકોએ પણ ભાડામાં તોંતિગ વધારો ઝીંકી દીધો છે. ત્યારે ખાનગી વાહન ચાલકો પણ મુસાફરોને ઘેટા બકરાની જેમ ભરી મોં માંગ્યા રૂપીયા હાલ વસુલી રહ્યા છે. જયારે મુસાફરને પણ ટાઈમના અભાવે અને નાના બાળકો સાથે હોવાથી કચવાતા મને માંગે તેટલા રૂપીયા આપી દે છે. હાલના સમયે તો મુસાફરોને રૂપીયા ખર્ચવા છતા ઝોખમી મુસાફરી કરવાનો વારો આવે છે.

દિવાળીના પાવન દિવસોમાં ગાંધીનગર શહેરના શહેરી અને ગ્રામ્ય બસ સ્ટેન્ડ પર મુસાફરોની સંખ્યા સવિષેશ જોવા મળી રહી છે. ગાંધીનગર-અમદાવાદ રૂટમાં અનેક બસો દોડાદોડ કરતી જોવા મળી રહી છે. તેમ છતા બસ સ્ટેન્ડ પરથી મુસાફરો ઓછુ થવાનું નામ લેતા નથી તેમ લાગી રહ્યું છે. તો બીજી તરફ શહેરને અડીને આવેલા અડાલજ અને ચિલોડા ચોકડી પર હજ્જારો મુસાફરો બસ તેમજ ખાનગી વાહનમાં મુસાફરી કરી રહ્યા છે. ખાનગી વાહન ચાલકો પણ નિયત દર કરતા વધુ ભાડું વસુલી રહ્યાની ફરિયાદો ઉઠવા પામી છે. જયારે ખાનગી ટ્રાવેલ્સ સંચાલકોએ તો તેમના ભાડા જ તોંતીગ વધારી દીધા છે. ત્યારે ખાનગી વાહન ચાલકો પણ પોતાના વાહનમાં વધુ રૂપીયા ઉઘરાવી વધુ મુસાફરોને બેસાડી નફો રળી રહ્યા છે. ત્યારે દિવાળીના દિવસોમાં બીજો કોઈ વિકલ્પ ન હોવાથી મુસાફરોને પણ જીવના જોખમે મુસાફરી કરવાનો વારો આવ્યો છે. હાલ તો ખાનગી વાહન ચાલકો વધુ રૂપીયા રળી લેવાના મુડમાં હોય તેમ જણાઈ આવે છે. ત્યારે આ ખાનગી વાહન ચાલકો પર કયાક તંત્રની મીઠી નજર પણ જવાબદાર ખરી.

સહયોગ મંડળ દ્વારા બાળકોને મીઠાઈ વિતરણ

ગાંધીનગર, તા.૪

દિવાળીના દિવસો નજીક આવતા સહયોગ મંડળ ગાંધીનગર દ્વારા ૩૫૦ થી વધુ વિવિધ સંસ્થાના બાળકોને મીઠાઈ અને ફુલવડીનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમાં ધોળાકુવા ખાતે આવેલ આદિજાતિ આશ્રમશાળા, સમર્પણ મુક-બધિર શીશુ વિદ્યામંદિર સે-૨૮, અંધશાળા સે-૧૬, વિષેશ બાળગૃહ સે-૧૯, સરકારી બાળગૃહ સે-૧૩ તેમજ એઈડ્સ ગ્રસ્ત દર્દીઓનો સમાવેશ થાય છે. આ વિતરણ વ્યવસ્થામાં સહયોગ મંડળના પ્રમુખ બેચરભાઈ પ્રજાપતિ, દશરથભાઈ પટેલ, કિરીટસિંહ વાઘેલા, દિલિપસિંહ રાજપૂત, શૈલેષ ખરાડી, ડી.એમ.પરમાર, તથા અતુલભાઈ બક્ષીએ ભારે જહેમત ઉઠાવી હતી.

ખાખરીયા છાસઠ પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૪

ખાખરીયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજ કુડાસણ દ્વારા સ્નેહમિલન તેમજ તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ તા.૨૫-૧૧-૧૮ને રવિવારના રોજ સકેટર-૧૭ ટાઉનહોલ ખાતે સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે. તો સમાજના સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

તે ઉપરાંત જે માતા-પિતા પોતાના બાળકની માર્કશીટની ઝેરોક્ષ સમાજને મોકલી ન શક્યા હોય તેઓએ તા.૧૦-૧૧-૧૮ સુધીમાં માર્કશીટની ઝેરોક્ષ મહામંત્રીને મળે એ રીતે મોકલી આપવા જણાવાયું છે. જયારે સમાજનો આગામી સમુહ લગ્નોત્સવ તા.૯-૧૨-૧૮ને રવિવારના રોજ સવારે ૯ કલાકે સે-૧૧ રામકથા મેદાન ખાતે યોજાશે.

@ગાંધીનગર

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના ઉપક્રમે સાંજે ૪ કલાકે રૂદ્રાભિષેક શ્રી વૈજનાથ મહાદેવ મંદિર સે-૨૧ ખાતે યોજાશે.

ચિરવિદાય

- સ્વ. વાઘેલા દેવુબેન જીલુસિંહ, ઉ.વ. ૬૮
- સ્વ. વાઘેલા કોકિલાબેન રણજીતસિંહ, ઉ.વ. ૫૧
- સ્વ. ઉદાજી નારણજી દેવડા, ઉ.વ. ૬૦
- સ્વ. દિનેશભાઈ બાબુભાઈ ગટાદ, ઉ.વ. ૩૦

જીવતા જ નહી, મર્યા પછી પણ ઉપયોગી થવા જેવું રૂડું બીજું શું??

સેવાભાવી પિતાના સંસ્કારે સંતાનોને પણ સદમાર્ગે ચાલવા પ્રેરિત કર્યા : પિતાના દેહદાન પછી પુત્રનો પણ દેહદાન કરવાનો નિર્ધાર

ગાંધીનગર, તા.૪

દિવાળી તહેવાર છે ખુશીઓનો, એકમેક સાથે મળીને આનંદ-ઉલ્લાસ કરવાનો, એકબીજા સાથેના સંબંધને વધુને વધુ મજબૂત બનાવવાનો. કેમ કે સાચો સંબંધ જ જીંદગી સજાવે છે. એટલું જ નહી, સાચો સંબંધ માનવીના મૃત્યુ પછી પણ તેની મહેંક પ્રસરાવતો રહે છે. આજના યુગમાં અકસ્માતો તેમજ ગંભીર બિમારીઓનું પ્રમાણ દિન-પ્રતિદિન વધતું જાય છે અને ઘણીવાર માનવીની જીંદગી બચાવવા અંગ પ્રત્યારોપણ કરવું અનિવાર્ય બની જાય છે. આ સંજોગોમાં કોઈએ કરેલું અંગદાન કે દેહદાન દર્દી માટે જીવનદાન બની શકે છે. અંગદાન તથા દેહદાન અંગે હજુ પણ આપણા સમાજમાં જાગૃતિ ખૂબ ઓછી જોવા મળે છે. ગાંધીનગરમાં સે-૨૬માં ગ્રીનસીટી સોસાયટીમાં રહેતા નરેન્દ્રભાઈ પટેલ એક એવા સજ્જન છે જેમણે તેમના પિતાએ કરેલા દેહદાનથી પ્રેરિત થઈ પોતાનું દેહદાન કરવાનો નિશ્ચય કરી લીધો છે અને તે માટે જરૂરી નોંધણીની પ્રક્રિયા પણ પૂર્ણ કરી દીધી છે.

ગાંધીનગર જિલ્લાના નારદીપુર ગામના કડવા પાટીદાર સમાજના શિવાભાઈ બાપુદાસ પટેલ પ્રિન્ટિંગ પ્રેસની ટેકનોલોજીના જાણકાર હતા.

જેઓ અમદાવાદમાં નવજીવન પ્રેસમાં હેડ ફોરમેન તરીકે કાર્યરત હતા એન દરિયાપુર વાડીગામ વિસ્તારમાં રહેતા હતા. નવજીવન પ્રેસમાં કાર્યરત હોવાને પ્રતાપે ગાંધીબાપુની વિચારસરણીથી પ્રભાવિત શિવાભાઈ તેમના બે દિકરા અને બે દિકરી તથા ધર્મપત્નિ લક્ષીમીબેન સાથેના પરિવારનું પાલનપોષણ કરવા સવારે ૮ થી ૧ દરમિયાન રખિયાલ વિસ્તારમાં યુનિક ઈન્ડસ્ટ્રીઝ જે પ્રિન્ટિંગ મશીન બનાવતી હતી તેમાં અને બપોર ૩ થી રાત્રીના ૧૧ સુધી નવજીવન

પ્રેસમાં કામ કરતા હતા. યુનિક ઈન્ડસ્ટ્રીઝના પ્રિન્ટિંગ મશીનના ઈન્સ્ટોલેશન કાર્ય માટે દેશના આસામ, જમ્મુ-કાશ્મિર તથા દક્ષિણ ભારત સહતિના લગભગ તમામ રાજયોમાં જઈ ચુકેલા શિવાભાઈ નાનપણથી જ પરગજુ જીવ હતા અને સતત કોઈને મદદરૂપ થવું તે તેમનો જીવનમંત્ર હતો. આજ સ્વભાવને કારણે નિવૃત્તિ પછી સમાજની વિવિધ સંસ્થાઓમાં સેવા આપવાની પ્રવૃત્તિ તેમણે પસંદ કરી હતી અને નારણપુરા સ્થિત કડવા પાટીદાર સમાજના ધરતી વિકાસ મંડળના મેરેજ બ્યુરોના તેઓ ૨૫ વર્ષ સુધી કન્વીનરપદે રહ્યા હતા. આ સાથે ધરતી વિકાસ મંડળની રસોડા કમિટીના ચેરમેન હોવા છતાં તેમણે ક્યારેય આ સંસ્થામાં ભોજન તો ઠીક એક કપ ચા સુધ્ધાં ગ્રહણ કરી નહોતી. નવજીવન પ્રેસમાં પણ તેઓ કર્મચારી બચત મંડળના વર્ષો સુધી પ્રમુખ રહ્યા હતા અને તેમની સેવાઓની કદરરૂપે તેમના નિવૃત્તિ સમયે કર્મચારીઓએ સ્વેચ્છાએ મોટી શુભેચ્છા ભેટ આપી તેમનું સન્માન કર્યું હતું.

આજીવન પ્રમાણિક જીવન જીવેલા શિવાભાઈને ૧૯૯૩માં મેજર હાર્ટ એટેક આવ્યો હતો અને એન્જિયોગ્રાફી દરમિયાન તેમની મુખ્ય ૩ નળીઓ ૯૦ ટકા જેટલી બ્લોક જયારે બાકીની ૭૦ ટકા જેટલી બ્લોક હોવાનું માલુમ પડતા તબીબોએ તુરંત જ ઓપરેશન કરવાની સલાહ આપી હતી. જો કે આ સલાહ ઠુકરાવી તેમણે સાજા થયા બાદ પોતાના જીવનમાં કેટલીક નિયમિતતા અપનાવી લીધી જેમાં દરરોજ સવાર ૪ વાગે ઉઠી ઠંડા પાણીએ સ્નાન કરી લેવાનું, સાડા છ વાગ્યા સુધી યોગ-પ્રાણાયામ કર્યા પછી નાસ્તો કરીને પાંચ કિમી ચાલવા જવું. સવાર દસ વાગે જમીને ધરતી વિકાસ મંડળે પહોંચી જવુ અને ત્યાંથી પરત ફરતા ત્રણ-ચાર કિમી ચાલીને ઘરે આવવું તેમજ રાત્રે ૧૦ વાગ્યા પહેલા જમીને સુઈ જવુ તે તેમનો નિત્યક્રમ બનાવી દીધો હતો જેના પ્રતાપે તેઓ આટલા મોટા હાર્ટ એટેક અને નળીઓના બ્લોકેજ સાથે બીજા ૨૨ વર્ષ સુધી સ્વસ્થ જીવન વગર ઓપરેશને જીવ્યા હતા. તેમનો દેહાંત વર્ષ ૨૦૧૫માં યુનિવર્સિટી કન્વેન્શન હોલમાં એક ધાર્મિક કાર્યક્રમ પતાવીને પરત થતા વર્ષો પછી ફરી આવેલા મેજેર હાર્ટ એકેટથી થવા પામ્યો હતો અને તેમના સ્વર્ગવાસ પછી પરિવારે તેમની ઈચ્છા અનુસાર અગાઉથી કરેલ નોંધણીના આધારે શતાયુ સંસ્થાની મદદથી સોલા સિવિલ હોસ્પિટલને તેમનું દેહદાન કર્યું હતું.

શિવાભાઈના પરિવારના મોટા દિકરી કૈલાસબેન પરણીને અમેરિકા ઠરીઠામ થયા છે, બીજા નંબરે પુત્ર અશોકભાઈ બેંક અધિકારી છે અને બેંકની કર્મચારી ક્રેડિટ સોસાયટીમાં ૨૨ વર્ષથી પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે, ત્રીજા નંબરે દિકરી રશ્મિકાબેન જેઓએ ૧૧૯૮૫માં એન્જિનીયરીંગ પાસ કર્યું અને તેઓ પણ પરણીને અમદાવાદમાં સ્થાયી થયા છે. શિવાભાઈના સૌથી નાના પુત્ર નરેન્દ્રભાઈ ગાંધીનગર રહે છે અને પિતાની જેમ જ અનેક સંસ્થાઓમાં સેવા આપી રહ્યા છે. જેમાં નારદીપુર કડવા પાટીદાર પરિવારના અને ૪૨ ગામ કડવા પાટીદાર બચત મંડળના પ્રમુખ ઉપરાંત નારદીપુર ગામ સેવા મંડળના તેઓ મહામંત્રી છે. તેમણે વર્ષ ૨૦૧૬માં કૈલાસ માનસરોવરની પગપાળા યાત્રા કરી હતી અને માતા પિતાના નામ પરથી શિવલક્ષ્મી કોર્પોરેશન નામે સિવિલ કોન્ટ્રાકનું કામ કરે છે. તેમજ કોબા પાસે એક નર્સરી પણ ચલાવે છે. નરેન્દ્રભાઈએ પિતાની જેમ જ પોતાનું દેહદાન કરવાનો નિર્ધાર કર્યો છે અને તે માટે શતાયુ સંસ્થામાં નોંધણી કરાવી તે અંગે પરિવારને અવગત પણ કરી દીધું છે. તેઓ કહે છે 'આપણે જીવતા તો અન્યના જેટલી ઉપયોગી થઈ શકીએ તે થવુ જોઈએ પરંતુ જો મૃત્યુ પછી પણ એ દેહ કોઈના કામમાં આવી શકતો હોય તો તેનાથી રૂડું બીજું શું હોઈ શકે?'

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com